ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# ગરમી વધતા ૧૦ થી ૧૨ મેગાવોટ વીજળીનો વપરાશ વધ્યો

## એસી, કુલર, પંખા ફુલ સ્પીડે ચાલુ રહેતા વીજળીનો વપરાશ વધ્યો



ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરમાં છેલ્લા કેટલાય દિવસોથી ગરમીનો પારો ૪૦ ડિગ્રીથી વધુ રહ્યો છે. કાળઝાળ ગરમીથી રાહત મેળવવા માટે વસાહતીઓ એસી, કુલર, પંખા ફુલસ્પીડે ચલાવી રહ્યા છે. જેના કારણે વીજળીનો વપરાશ ૧૦થી ૧૨ મેગાવોટ જેટલો વધ્યો છે.

છેલ્લા ઘણા દિવસોથી સમગ્ર ગુજરાતમાં અંગારા ઓકતી ગરમી પડી રહી છે. ગરમીનો પારો સતત વધી રહ્યો છે. મહત્તમ તાપમાન ૪૦ થી ૪૩ ડિગ્રીની વચ્ચે ફરી રહ્યું છે. આકરી ગરમીની અસર જનજીવન પર થઈ છે. વસાહતીઓ બહાર નીકળવાના બદલે ઘર અને ઓફિસમાં જ બેસી રહે છે. પંખા, કુલર અને એસી ફુલસ્પીડે ચલાવી વસાહતીઓ કાળઝાળ ગરમીથી રાહત મેળવવાનો પ્રયત્ન કરી રહ્યા છે. માર્ચ મહિનાથી જ આ બધા ઉપકરણોનો ઉપયોગ શરૂ થઈ જતા વીજળીનો વપરાશ વધ્યો છે. સામાન્ય રીતે શિયાળા દરમ્યાન ૪૧ થી ૪૫ મેગાવોટનો વપરાશ થાય છે. જે ઉનાળો શરૂ થતાં જ વધવા માંડે છે. હાલમાં મહત્તમ ૫૫ થી ૫૭ મેગાવોટ જેટલી વીજળીની માંગ રહે છે. એટલે કે વીજળીની માંગ ૧૦થી ૧૨ મેગાવોટ જેટલી વધી છે. મોટાભાગે ૧૮ થી ૨૦ મેગાવોટ વીજળીનો વપરાશ વધવાની સંભાવના હોય છે. પરંતુ આ વર્ષથી સચિવાલયમાં કેટલીક ઓફિસોમાં સોલાર પ્લાન્ટ ચાલુ થઈ જતા એટલો બોજો ઓછો પડે છે.

# ગાંધીનગર ક્રાઈમ કેપિટલ બની રહ્યુ છે

## હવસખોરો બેફામ બન્યા : જાહેરમાં વહુ-દીકરીઓની આબરૂ લૂંટવાનો પ્રયાસ કરનારા હજુ પકડાયા નથી ત્યાં ગોલથરામાં ધારિયાની અણીએ મહિલાની લાજ લૂંટવાનો પ્રયાસ : મહિલાએ પ્રતિકાર કરતા ધારિયાના ઘા મારી હવસખોરે જીવલેણ હુમલો કર્યો

ગાંધીનગર, તા.૯

રાજય સરકાર એક તરફ સબ સલામતની તથા મહિલા સુરક્ષાની મોટી મોટી વાતો કરે છે તો બીજી તરફ રાજયના પાટનગર ગાંધીનગરમાં જ સબ સલામતીની વાતો એક મજાક સમાન બની ગઈ છે. હજુ ગઈ કાલે જ એક પરિવારની કાર ઉભી રાખીને ચંદ્રાલા ગામના શખ્સોએ ગાડીમાંથી બહેન-દીકરીઓને ઉતારીને પેટ્રોલ પંપ સામે જ જાહેરમાં આબરી લુંટવાનો પ્રયાસ કરી સંસ્કૃતિના લીરા ઉડાડતો કિસ્સો બનવા પામ્યો હતો. આ ગુનાના આરોપીઓ હજુ પકડાયા નથી ત્યાં આજે સવારે કલોલ તાલુકાના ગોલથરા ગામે આવો જ એક શરમજનક કિસ્સો બનવા પામ્યો છે. એક હવસખોર શખ્સે આજે સવારે ધારિયાની અણીએ મહિલાની લાજ લુંટવાનો પ્રયાસ કર્યો હતો. મહિલાએ પ્રતિકાર કરતા ધારીયાના ઘા ઝીંકી દઈ હવસખોરે જીવલેણ હુમલો કરતા લોહીલુહાણ હાલતમાં સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવી હતી.

મળતી માહિતી મુજબ કલોલ તાલુકાના નારદીપુર ગામમાં રહેતી ૨૫ વર્ષીય પરિણીતા આજે સવારે ૧૦ વાગ્યાના અરસામાં કલોલ તાલુકાના ગોલથરા ગામે તેમના નવા બની રહેલા મકાનમાં પાણી છાંટવા ગઈ હતી. ત્યાં ગોલથરા ગામનો જ એક માથાભારે શખ્સ મંગાજી ઝેણાજી રાવળ તેની નજીક આવી પહોંચ્યો અને અણીદાર ધારિયું બતાવીને આબરુ લુંટવાનો પ્રયાસ કર્યો હતો. પરિણીત મહિલાએ બુમાબુમ કરીને તેનો પ્રતિકાર કરતા માથાભારે હવસખોર શખ્સે ધારિયા વડે મહિલાના મો અને ગળાના ભાગે હુમલો કરતા તે ગંભીર રીતે ઘવાઈ હતી. લોહીલુહાણ હાલતમાં તેણીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. મહિલાના પતિના જણાવ્યા મુજબ આ શખ્સે અગાઉ પણ ચપ્પાની અણીએ તેની સાથે સંબંધ બાંધવા માટે દબાણ કરેલું છે. મહિલાઓ ગાંધીનગરમાં જ આ હદે અસુરક્ષિત છે. ગાંધીનગરમાં હવસખોરો બેફામ બની રહ્ના છે જો આ મામલાને ઉચ્ચ કક્ષાએથી ગંભીરતાથી નહિ લેવાય તો બિહાર-યુ.પી જેવી સ્થિતિ ગુજરાતમાં થઈ જશે તેમાં બે મત નથી.!!



# ગુજરાતમાં નવા મુખ્યમંત્રી અને બજેટની ચર્ચા જોરમાં : તૈયારી શરૂ

અમદાવાદ, તા. ૯

એકબાજુ ખુલ્લા આકાશ નીચે આકરી ગરમી સામાન્ય લોકોને પરેશાન કરી રહી છે. બીજીબાજુ ગુજરાતની રાજધાની ગાંધીનગરમાં ૧૬મી મે, પછી રાજ્યના નવા મુખ્યમંત્રી કોણ થશે ? તેની ચર્ચા સરકાર અને આગામી હરોળના મંત્રીઓનો પજવી રહી છે. એવી જ રીતે સંભવતઃ જૂનના ત્રીજા સપ્તાહ દરમિયાન રજૂ થનાર ગુજરાત સરકારના ૧લી ઓગષ્ટથી ૩૦મી માર્ચ સુધીના ૮ માસ માટેના બજેટની તૈયારીઓની ગરમીએ અધિકારીઓના ઉજાગરા વધારી દીધા છે.

એમ મનાય છે કે લોકસભાની ચૂંટણીમાં ભાજપ-એનડીએને બહુમતી મળે કે ન મળે હવે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી કેન્દ્રના રાજકારણમાં સ્થિર થવાના છે તે લગભગ નક્કી છે અને એના પગલે ૧૬મી મે ના રોજ લોકસભાની ચૂંટણીના પરિણામ આવ્યા બાદ ગુજરાતમાં નવા મુખ્યમંત્રી શાસનની ધૂરા હસ્તગત કરશે એ પણ નક્કી મનાય છે અને નવા મુખ્યમંત્રી હાલના મંત્રીમંડળના સભ્યો કે ભાજપના વર્તમાન

● અનુસંધાન પાન-૭ પર

**૨૦૧૪-૧૫નું બજેટ ઉડતી નજરે**

| | |
|---|---|
| બજેટનું કુલ કદ | - ૧,૨૦,૩૯૦ કરોડ |
| લેખાનુદાન | - ૩૩,૪૦૧ કરોડ |
| કુલ આવકો | - ૧,૧૯,૫૨૭ કરોડ |
| પોતાના વેરાની આવક | - ૬૩,૦૬૮ કરોડ |
| બિન કરની આવક | - ૭૨૧૪ કરોડ |
| વિકાસલક્ષી ખર્ચ | - ૮૦,૯૭૪ કરોડ |
| બિન વિકાસલક્ષી ખર્ચ | - ૩૭,૬૨૬ કરોડ |

# પારો એક ડિગ્રી જેટલો ઉતર્યો છતાં ગરમીનો પ્રકોપ યથાવત

## ગઈકાલના ૪૨.૬ ડિગ્રી સામે આજે ગરમીનું પ્રમાણ ૪૧.૫ સેલ્શિયસ નોંધાયું

ગાંધીનગર, તા.૯

ગાંધીનરમાં ગરમીનો પારો એક ડિગ્રી ગગડતા આજે પાટનગરમાં થોડી રાહત જણાઈ હતી. ગઈકાલની ૪૨.૬ ડિગ્રી સેલ્શિયસ સામે આજે ગરમીનું પ્રમાણ ૪૧.૫ ડિગ્રી સેલ્શિયસ નોંધાયું હતું અને વાતાવરણમાં ભેજનું પ્રમાણ પણ ૧૭ ટકા નોંધાયું હતું.

શહેરમાં ઉનાળાની ગરમી છેલ્લા કેટલાક દિવસોથી કાળઝાળ પડી રહી છે પરંતુ આજે એકાએક આ ગરમીનો પારો થોડો નીચે તરફ સરકયો હતો. ગઈકાલની ૪૨.૬ ડિગ્રી સેલ્શિયસ ગરમી સામે આજે પારો ગગડીને ૪૧.૫ ડિગ્રી પરઅટકયો હતો. નગરજનોએ પણ આજે દિવસ દરમિયાન પવનની લહેરખીઓ સતત ચાલુ હોવાના કારણે ગરમીમાં થયેલા ઘટાડાનો અનુભવ કર્યો હતો. બપોરના સમયે પણ પવન સતત વહેતો રહ્યો હતો.

આજે શહેરમાં ગુરુત્તમ તાપમાન ૪૧.૫ ડિગ્રી સે. અને લઘુત્તમ

● અનુસંધાન પાન-૭ પર

# હાઈપ્રોફાઈલ રશ્મિ ભાવે હત્યા કેસનું રહસ્ય ૧૫ મહિને પણ અકબંધ

## પોલીસ કરતા પણ હત્યારો શાતિર નિકળ્યો : પતિ ડો. વિવેક ભાવે સહિત ત્રણ શકમંદો પૈકી ડો. વિવેકનો એફ.એસ.એલ.માં કરાયેલો ટેસ્ટ પોઝીટીવ આવ્યો

ગાંધીનગર,તા.૯

ગાંધીનગરમાં ચકચાર મચાવી દેનાર હાઈ-ફાઈલ રશ્મી ભાવે હત્યા કેશને ૧૫-૧૫ મહિના વીતી ગયા પરંતુ હજુ પણ શાતિર હત્યારો આઝાદ ફરી રઝ્ાો છે. ધોળે દહાડે કુડાસણના રાધે રેસીડેન્સી ફ્લેટમાં ઘૂસીને તબીબ પત્ની રશ્મી ભાવેની કરપીણ હત્યા થઈ ગઈ હતી. હજુ પણ પોલીસ આ હત્યારાને શોધવા હવામાં હવાતિયા મારી રહી છે. હત્યારો એ હદે ચાલાક નીકળ્યો કે પોલીસને મળે તેવો એક પણ સુરાગ છોડ્યો નથી. પોલીસને મહારાષ્ટ્રના બે મિત્રો અને રશ્મી ભાવે નો ફીઝીશીયન પતિ ડો.વિવેક ભાવે એમ ત્રણ જણા પર શંકાઓ જતા સંબંધિત ટેસ્ટ પણ એફ.એસ.એલ ખાતે કરાવ્યા છે. ડો.વિવેકનો ટેસ્ટનો રીપોર્ટ પ્રાથમિક તબક્કે શંકાઓ ઉપજાવે તેવો આવ્યો હોવાનું પોલીસ સુત્રો પાસેથી જાણવા મળ્યું છે. જો કે હજુ સુધી પુરવાર થયું નથી કે આ હત્યા કોણ કરીને હવામાં ઓગળી ગયું.!! પોલીસ કરતા હત્યારો બે કદમ આગળ છે તેમ ચોક્કસપણે કહી શકાય.

૨૨ ફેબ્રુઆરીના રોજ બપોરના અરસામાં ઘરમાં ઘૂસીને રશ્મી ભાવેને રહેંસી નાંખી તેણીની ક્રૂરતાથી હત્યા કરી નાંખવામાં આવી હતી. આ ચકચારી હાઈપ્રોફાઈલ હત્યા -કરણમાં સે.૭ પોલીસે કરેલી તપાસમાં કાઈ બહાર ન આવતા અંતે એલ.સી.બી ને તપાસ સોંપવામાં આવી હતી. આ હત્યા કેશના રહસ્ય પરથી ૧૫ મહિનાથી પડદો હટ્યો નથી. કાતિલ પણ એવો ચબરાક નીકળ્યો કે કોઈ જ પુરાવા તેણે હત્યા સ્થળે કે અન્ય ક્યાય છોડ્યા નથી. મહારાષ્ટ્રના અવધૂત ચિત્લેકર અને ઓરંગાબાદનો વૈભવ ગોગારી બંને મિત્રો ઉપરાંત રશ્મી ભાવે ના ફીઝીશીયન પતિ ડો.વિવેક

● અનુસંધાન પાન-૭ પર

# આજે નરેન્દ્ર મોદીની ઉત્તરપ્રદેશમાં ચાર સભાઓ

ગુજરાતના મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે પણ ઝંઝાવતી ચૂંટણી પ્રચારનો દોર જારી રાખનાર છે. મોદી આવતીકાલે ઉત્તરપ્રદેશમાં ચાર સભા યોજનાર છે. ઉત્તરપ્રદેશમાં જે ચાર જાહેર સભા યોજનાર છે તેમાં સવારે ૯.૩૦ વાગે દિઓરિયા ખાતે સંબોધનનો સમાવેશ થાય છે. બલિયા, મઉ અને રોબર્ટગંજમાં તેઓ રેલી કરશે. મોદી ભારત વિજય રેલીનો દોર જારી રાખી રહ્યા છે. મોદી દેશમાં સૌથી વધારે સભા કરવા રેકોર્ડ કરી ચુકયાં છે.ઉત્તરપ્રદેશમાં અંતિમ તબક્કામાં ૧૨મી મેના દિવસે મતદાન યોજાનાર છે.



ફળોનો રાજા - હવે બજારમાં કેરી સંતોષકારક રીતે દેખાય છે. કાચી-પાકી કેરીના બજારો ઉભરાતા જાય છે... કેસર અને હાફુસ કેરી સરળતાથી ઉપલબ્ધ બની છે... ધારણા જેટલો ઉંચો ભાવ નથી આમ છતાં ઓછો પણ નથી... મધ્યમ વર્ગ માટે કેરી સતત ખાવાનું મુશ્કેલ બને છે પરંતુ કેરી એક એવું ફળ છે કે કોઈનું મન રોકાતું નથી... ખટાશમાંથી મીઠાશ તરફની ગતિ એટલે કેરીનું ફળ અને એટલે જ ગુજરાતીઓને તો કેરી ખાવાની આદત બની જાય છે... (તસવીર : કશ્યપ નિમાવત)

# ઉનાળાની શાકભાજી કારેલાં, ટીંડોળા તથા ગવાર છતાં તમામ શાકભાજી ઉપલબ્ધ

## શક્કરીયા, ગાજર, બિટ, દુધી, રીંગણ, રતાળુ, ભીંડા સહિત અનેક શાકભાજી મળી રહે છે

ગાંધીનગર, તા. ૯

આકરા ઉનાળામાં ભોજનનો સ્વાદ ભુલાઈ જવાય છે કારણ કે અતિશય ગરમીથી શરીરમાં પાણીની માત્રા વધી જાય છે. ઉનાળામાં ભોજનમાં શાકભાજી તરીકે ફક્ત કારેલા, ટીંડોળા અને ગવાર લોકપ્રિય રહ્યુ છે પરંતુ હાલ બિન સિઝનની શાકભાજી પણ શાકમાર્કેટમાં જોવા મળી રહે છે. જો કે વિપરીત આહાર આરોગ્ય માટે હાનીકારક બન્યો હોઈ ગૃહીણીઓ સિઝનેબલ શાકભાજીના ઉત્પાદન પાછળ રાસાયણિક ખાતર જવાબદાર હોવાનુ લોકો જણાવી રહ્યા છે.

ભોજનની થાળીમાં શબ્જી ના હોય તો તે થાળી અધુરી ગણાય છે. પરંતુ આગ ઓકતી ગરમી શાકભાજીનો સ્વાદ પણ ભુલાવી દે છે. બેસ્વાદ બનેલા ભોજનડીશમાં કેરીનો રસ, કારેલા, ટીંડોળા કે ગવારનું શાક જમ્યાનો ઓડકાર લાવે છે. જેથી હાલ ગૃહીણીઓ કારેલા, ટીંડોળા અને ગવાર વધુ ખરીદી કરે છે. જો કે શાકમાર્કેટમાં તમામ પ્રકારની શાકભાજી મળી રહેતી હોવાથી ગૃહિણીઓ પણ બિનસિઝનની શાકભાજી જોઈ આશ્ચર્ય વ્યક્ત કરી રહી છે.



શાકમાર્કેટમાં હાલ શક્કરીયા, ગાજર, બિટ, દુધી, રીંગણ, રતાળુ, ભીંડા, ફલાવર, કોબીજ, ચોળી તથા અન્ય ઘણીબધી શાકભાજી મળી રહે છે. ગૃહીણીઓ બટાકાને બારેમાસનું શાક ગણી રહી છે. પરંતુ અન્ય જણાવેલ શાકભાજી આહાર વિરૂદ્ધ અને બિનસિઝનનું હોવાથી તેની ઉત્પાદન પ્રક્રિયા બળપૂર્વક કરવામાં આવી હોવાનું ગૃહીણીઓ કરી રહી છે. જો કે આ અંગે તબીબોએ મંતવ્ય આપતા જણાવ્યું હતું કે હાલમાં લગભગ દરેક ખાદ્ય સામગ્રીને પકવવા હાઈબ્રિડનો ઉપયોગ વધી ગયો છે. આપણું શરીર પણ ટેવાઈ ગયું છે છતાં અતિશયોક્તી આરોગ્યને હાનીકારક છે અને ઘડપણ જલ્દીથી આવી જાય છે.

Y.A. MANSURI
M. : 9824049503
GOVERNMENT APPROVED CONTRACTOR
SANJAY S. SHAH
P. Manubhai Medical
Since 1986
अभय
• Corporate Gathering • Celebrations • Exhibitions • Marriage • Reception • Parties • Seminars
FEEL FREE, BE FEARLESS
CORRESPONDENCE OFFICE
Plot No. E-192, 193, 194, B/h. Videocon Factory, Electronics Estate, GIDC, Sector-26, Gandhinagar. Ph. : 079-232 87368, Fax : 079-232 87292
ABHAY DECORATORS
REGD. OFFICE : B-203, Aman Flats, Opp. B.J.P. Office, J.P. Chowk, Khanpur, Ahmedabad. Ph. : 079-25503943
email : info@abhaydecorators.com, www.abhaydecorators.com

રક્તદાન મહાદાન

આવો, લીડર્સને ભવિષ્ય માટે તૈયાર કરીએ



GANDHINAGAR International Public School
Gandhinagar • Derral • Siddhpur
ગાંધીનગર ઇન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ
Affiliated to UNIVERSITY OF CAMBRIDGE
Gandhinagar-Mansa highway, Randheja, Gandhinagar - 382 620
Phone No : 079 23976821-22-23
Cell : +91 9925017160 | Web : www.gipschool.com
E-mail : gips.school@yahoo.com
• નર્સરીથી ધોરણ - ૧૨ વિજ્ઞાન પ્રવાહ, કોમર્સ પ્રવાહ (અંગ્રેજી/ગુજરાતી માધ્યમ)
• ૫૦,૦૦૦ ચો.મી.માં વિસ્તરેલું શાંત, હરિયાળું વાતાવરણ
• કેમ્બ્રીજ યુનિવર્સિટી સાથે સંલગ્ન
• હોસ્ટેલની ઉત્તમ સુવિધા - ગર્લ્સ/બોયસ
Admissions Open From Nursery to 12th Sci-com Gujarati/English Medium

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૯ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

SANGHI CEMENT
Kisan
ashirvad C. PVC, UPVC
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR.FIXIT
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જિન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com